| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Gujarat Mitra | 13 | 03-06-2014 |

# એસ્સાર ફ્રિડમ કપ: ટીમ બરોડા ચેમ્પિયન

સુરત, તા. ૨: રવિવારે જ્યારે તમામ વિકલાંગ ખેલાડીઓ ધરાવતી ગુજરાતની ચાર વિવિધ ટીમો સુરતમાં પ્રથમ વાર નોકઆઉટ ફોર્મેટમાં રાંદેરના ભાણકી સ્ટેડિયમમાં ટકરાઇ

## એસ્સાર દર વર્ષે વિકલાંગો માટેની ક્રિકેટ ટુર્નામેન્ટ ગોઠવવા કટિબધ્ધ

ત્યારે ઇતિહાસ સર્જાયો હતો. સમગ્ર એક દિવસીય ટુર્નામેન્ટ એસ્સાર ફ્રિડમ કપ- વિકલાંગો માટેનો ક્રિકેટ ઉત્સવનું આયોજન એસ્સાર સ્ટીલ ઇન્ડિયા લિ. હજીરા અને એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વિકલાંગ કલ્યાણ સોસાયટી ટ્રસ્ટ, સુરતના સહયોગથી કરવામાં આવ્યું હતું.



રંગીન ટ્રેકસુટમાં સજ્જ વિકલાંગ ખેલાડીઓને સામાન્ય ક્રિકેટર્સની જેમ જ જોરદાર ફટકાબાજી કરતા, એક જ હાથે તોતિંગ છગ્ગા ફટકારતા અને અદ્દ્ભૂત કેચ કરતા નિહાળીને પ્રેક્ષકો દંગ રહી ગયા હતા.

ગુજરાત, સૌરાષ્ટ્ર, સુરત અને વડોદરા એમ ચાર ટીમોમાંથી વડોદરા ઝળકી હતી અને ફાઇનલમાં સૌરાષ્ટ્રને હરાવીને ચેમ્પિયન બની હતી. ટીમ સુરત ત્રીજા ક્રમે રહી હતી. વડોદરા ટીમના ખેલાડી ઇમરાનને શ્રેષ્ઠ બોલર-બેટ્સમેન અને ખેલાડી એમ ત્રણેય ટ્રોફીઓ મળી હતી. વિજેતાઓને ઇનામની રકમ અને ટ્રોફીનું વિતરણ શહેરના પોલીસ કમિશ્નર રાકેશ અસ્થાનાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તેમની ધારણાથી વિપરીત અહીં વિકલાંગ ખેલાડીઓ એક સામાન્ય ખેલાડીની જેમ અતિ સુંદર ક્રિકેટ રમ્યા. તેમણે આ ઉમદા પહેલ માટે એસ્સાર, વિકલાંગ કલ્યાણ ટ્રસ્ટ અને તમામ ખેલાડીઓ અને સહાયક સ્ટાફને અભિનંદન આપ્યા હતા.

એસ્સાર ઇન્ડિયા લિ. હજીરાના વાઇસ પ્રેસીડેન્ટ (એડમિનિ. સીએસઆર) સુનિલ રાલ્ફે જણાવ્યું હતું કે, વિકલાંગો આગળ આવે તે માટે તેમને પ્રસ્તુત તકો પૂરી પાડવાનું મહત્ત્વ એસ્સાર સ્વીકારે છે. વિકલાંગોના દેખાવથી પ્રભાવિત થઇ તેમણે જાહેરાત કરી હતી કે આ પ્રકારની ટુર્નામેન્ટ દર વર્ષે યોજવા એસ્સાર કટિબધ્ધ છે અને આગામી વર્ષે એસ્સારના ક્રિકેટ ગ્રાઉન્ડ પર વિકલાંગો માટે ડે એન્ડ નાઇટ ક્રિકેટ યોજવાની નેમ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે વિકલાંગ કલ્યાણ ટ્રસ્ટના ગોપાલભાઇ, પલ્લવીબેન વ્યાસ, એસ્સારના કર્નલ રાકેશ વસલ, હેતલ મજમુદાર તેમજ અન્યો ઉપસ્થિત રહ્યા હતા.